એલ.એ.આર.નંબર ૪૭/૨૦૧૮
આંક–૪૨

**અરજદારના પુરાવાનો હકક ઓપન કરવાની આંક ૪૨ ની અરજી લગત હુકમ.**

(૧)અરજદારનો પુરાવાનો હકક ઓપન કરવાની અરજી રજુ રાખી અરજીમાં અરજદારે જણાવેલ છે કે આ કામના આંક ૩૮ થી સામાવાળાએ પુરાવામાં તેમના જવાબ સીવાય વધારાની માહીતી રજુ રાખેલ છે અને તેનો કોઈ ઉલ્લેખ તેમના જવાબમાં આંક–૪ થી કરેલ ન હોય જેથી આંક કામમાં જજમેન્ટ આપતી વખતે ન્યાયીક નિર્ણય યોગ્ય રીતે થઈ શકે તે માટે સામાવાળા સંસ્થા પાસેથી માહીતી માંગેલ છે. તે સદર કામમાં પુરાવો રજુ રાખવા માંગતા હોવાનું જણાવી અરજદારના પુરાવાનો હકક ખોલી આપવા અરજ ગુજારેલ છે.

(૨)સદર અરજી પરત્વે આ કામનાં સામાવાળાએ હાલની અરજીનો વિરોધ્ધ કરતા જણાવે છે કે,સામાવાળા તરફે આંક ૧૩ કલોજીંગ પુરસીસ રજુ કર્યા બાદ તા.૨૪/૧૧/૨૨ના રોજ અરજદારનો પુરાવો રજુ કરી ઉલટતપાસ તા.૨/૨/૨૩ કરેલ છે અને આંક ૩૬ થી તા.૨૩/૨/૨૩ના રોજ કલોજીંગ પુરસીસ રજુ કરેલ છે. અને તા.૧૩/૦૬/૨૦૨૪ અરજી આપી અમે સામાવાળા તરફે પુરાવાનો હકક ઓપન કરવાનો હુકમ કરેલ છે. અને આંક ૪૨ થી તા.૧૯/૯/૨૪ના રોજ પુરાવાનો હકક ઓપન કરવાની અરજી આપી અમારા આંક ૩૯ ની ઉલટતપાસમાં કહયુ છે અને જે વિગતો જણાવી છે તેમા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.અને તે મુજબ ઉલટતપાસમાં જયારે કોઈ પુરાવો રજુ કરે તે બાબતે અરજદાર પુરાવો રજુ કરી શકે નહી.જેથી હાલની અરજી રદ કરવા અરજ છે.

(૩)બંને પક્ષોની હાલની અરજી પરત્વેની વિગતવારની દલીલો સાંભળી,આ કામે સૌપ્રથમ એ નોંધવુ અત્યંત જરૂરી બને છે કે,હાલની એલ.એ.આર. સને ૨૦૧૮ના વર્ષની અંત્યંત જુની છે.અને આ કામે અરજદાર તરફે આંક ૪૩થી પોતાની લેખિત દલીલો રજુ રાખેલ છે.આંક–૪૨ની અરજીમાં દસ્તાવેજી પુરાવો રજુ રાખી પોતાનો પુરાવાનો હકક ઓપન કરવાની અરજ ગુજારેલ છે. પોતાની અરજીના સમર્થનમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના રજુ રાખેલ ચુકાદાને અત્રેની અદાલતે માનપુર્વક વંચાણે લીધેલ છે અને તેમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત સાથે અત્રેની અદાલત નમ્રપણે સમંત થાય છે, જે જોતા આ કામે પક્ષકારોની તકરારનો ગુણદોષ પર ન્યાયિક નિર્ણય થાય તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે.પરંતુ હાલની અરજી રજુ રાખી સદર જુના કેસની કેસ કાર્યવાહી વિલંબીત કરેલ હોય જેથી તે તમામ હકીકતને ધ્યાને લેતા ન્યાયના હીતમાં આ કામે નીચે મુજબનો હુકમ કરવાનું ન્યાયિક માનું છુ.

**:: હુકમ::**

અરજદારની હાલની અરજી અરજદારે રૂ.૭૦૦૦/–ડી.એલ.એસ.એ મોરબીમાં કોસ્ટ જમાં કરાવ્યેથી અરજદારા પુરાવાનો હકક સદર કેસ વિના વિલંબે ચલાવી લેવાની શરતે ખોલવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં તા.૦૫ માહે જુન સને ૨૦૨૫ના રોજ હળવદ મુકામે વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યા.

**(એન.જી.સુરતી)**
**પ્રિન્સીપાલ સિનીયર સીવીલ જજ,**
**હળવદ.**